# ખેરાલુના કોન્ટ્રાક્ટરનો આત્મવિલોપનનો પ્રયાસ

## ખેરાલુના કોન્ટ્રાક્ટરએ મહેસાણા કલેક્ટર કચેરીએ આત્મવિલોપન કારવાનો કર્યો પ્રયાસ





મહેસાણા, તા.૨૮

મહેસાણા જિલા ના ખેરાલુ ખાતે રહેતા કોન્ટ્રાક્ટરે આજે મહેસાણા કલેકટર કચેરીએ આત્મવિલોપન કારવાનો પ્રયાસ કાર્યો હતો તેને આપેલી ચીમકીને લઈને સમગ્ર તંત્ર આજે ખડે પગે રહેવા ગયું હતું જ્યારે સદનસીબે આત્મદાહ આપે તે પહેલા પોલીસે તેને પકડીને મહેસાણા સિવિલ ખાતે નજરકેદ કરીને સારવાર આપવામાં આવી હતી.

મહેસાણાના ખેરાલુ ખાતે રહેતા અને સરકારી વિવિધ યોજનાનું કામ કરીને કોન્ટ્રાક્ટરે ૩ દિવસ પહેલા હું આત્મવિલોપન કરીશ તેવી ચીમકી લેખિતમાં આપી હતી. આ સમગ્ર મામલે કોન્ટ્રકટર પ્રભુદાસ રાઠોડ નામના કોન્ટ્રાક્ટરે લેખિતમાં અરજી આપ્યા બાદ ઘર છોડીને મોબાઈલ બંધ કરીને ક્યાંક ચાલ્યા ગયા હતા તેથી મહેસાણા જિલામાં કુલ ૪ જગ્યા પર આજ સવારથી જ ચાપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને આજે સવારથી જ કલેકટર કચેરી બહાર તંત્ર સજાગ થઈ ગયું હતું અને સાંજે આત્મવિલોપનનો પ્રયાસ કલેકટર કચેરીએ કાર્યો હતો અને તેને કોઈ ઈજા પહોંચે તે પહેલાં પોલીસે તેને બચાવી લઈને મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગઈ હતી. પ્રભુદાસ રાઠોડ છેલ્લા થોડા દિવસથી ઘરે પરત ફર્યા ન હતા અને આ બનવા બાદ પરિવારમાં ભયનો માહોલ સર્જાયો હતો. ખેરાલુ નગરપાલિકા પાસેથી લેબરકામના બાકી નીકળતા નાણાં મામલે આત્મવિલોપનની ચીમકી આપવામાં આવી હતી જ્યારે તે પૈસા જેને ટેન્ડર આપ્યું હતું તેને ચૂકવાઈ ગયાનું હાલમાં જાણવા મળી રહ્યું છે જ્યારે પ્રભુદાસ રાઠોડ સબ કોન્ટ્રકટર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# પાલનપુરમાં જીમમાં જતી ધનિક યુવતીનું અપહરણ થતા ચકચાર

## યુવતીનો પરિવાર ધનિક હોઈ પરિચય કેળવી ૭ શખ્સોએ કર્યું અપહરણ

પાલનપુર, તા.૨૮

પાલનપુરમાં જીમમાં જતી યુવતી નું સાત શખ્સોએ અપહરણ કરતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાને પખવાડીયું વિતવા છતાં યુવતીનો કોઇ પત્તો ન મળતાં આખરે તેના પરિવારજનોએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુરમાં શહેરના બેચરપુરા વિસ્તારમાં રહેતા એક પરિવારની યુવતી શહેરના ટ્રેઝર જીમમાં કસરત કરવા જતી હતી. જે તા. ૧૫ ફેબ્રુઆરીએ બેચરપુરા શિવ શક્તિ સોસાયટી નજીકથી પસાર થઇ રહી હતી. ત્યારે પાલનપુર તાલુકાના ખોડલાના કલ્પેશભાઇ લક્ષ્મણભાઇ જુડાલ, કિરણ લક્ષ્મણભાઇ જુડાલ, પ્રકાશભાઇ ભગવાનભાઇ આકોલીયા, કેશરભાઇ કાંતિભાઇ જુડાલ, પાલનપુર તાલુકાના ચડોતરના ચેતન ગણેશભાઇ વળાગાંઠ, કલ્પેશ લક્ષ્મણભાઇ ખરસાણ અને પાલનપુર તિરૂપતી સોસાયટીમાં રહેતો હરિભાઇ ધનરાજભાઇ બેરા એક બીજાની મદદગારીથી યુવતીનું અપહરણ કરી ગયા હતા.

### ધનિક પરિવારની હોવાથી અપહરણની ફરિયાદ

અપહ્યત યુવતી પૈસાદાર પરિવારમાંથી આવતી હોવાથી તમામ આરોપીઓ પૂર્વ આયોજીત કાવતરૂ રચી તેની સાથે ઓળખાણ કરવા માટે જીમના મેમ્બર બન્યા હતા. અને યુવતીની હિલચાલ ઉપર નજર રાખી તેણીનું અપહરણ કરી ગયા હોવાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

આ ઘટનાને પંદર દિવસ થયા હોવા છતાં યુવતીનો કોઇ પત્તો ન લાગતાં આખરે પરિવારજનોએ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તમામ શખ્સો સામે ગૂનો નોંધી પીઆઇ આર. કે. સોલંકીએ વધુ તપાસ હાથ ધરી છે.

# હોળી-ધુળેટી પર્વને લઈને રાજસ્થાનવાસીઓ તહેવાર મનાવવા જીવના જોખમે માદરે વતન તરફ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ આવા દો - જવા દો માં મૌનવ્રત ધારણ કર્યુ હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. હિંમતનગરનેશનલ હાઈવે આઠ ઉપર પોતાના જીવના જોખમે મુસાફરી કરતા નજરે પડે છે. મુસાફરોને બેસાડવામાં આવે છે. તો હાલ અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર નાના





અમદાવાદથી હિંમતનગર રાજસ્થાન તરફ જતાં માર્ગ ઉપર હોળી ધુળેટીના તહેવારને લઈને તહેવાર મનાવવા જતાં રાજસ્થાની મુસાફરો જીવના જોખમે પોતાનાં માદરે વતન તરફ જઈ રહ્યા છે ત્યારે જવાબદાર તંત્ર

તહેવારને લઈને અમદાવાદ, સુરત, બરોડા સહિત ગુજરાતમાં અનેક જગ્યાઓ ઉપર રહેતાં રાજસ્થાનીઓ હોળી ધૂળેટીના તહેવારને લઈને તહેવાર મનાવવા જતા રાજસ્થાનના મુસાફરો હાલ અમદાવાદ - ખાનગી વાહન ચાલકો પણ કમાવાની લ્હાયમાં લકઝરી ચાલકો તથા જીપ ચાલકો વાહનની અંદર તો મુસાફરોને ઘેટા બકરાની જેમ ઠોસીઠોસીને ભરે છે પણ જીપ તથા લકઝરીની છત ઉપર પણ સામાન તથા સામાનની ઉપર પણ મોટા વાહનો હાલ જોવા મલી રહ્યાં છે. તો જેવી જવાબદારી છે. તંત્ર હાલ મૌનવ્રત ધારણ કર્યું છે અને માત્ર ઓપચારિકતા પુરતું જ નજર રાખી રહ્યું છે અને થોડાંક વજન પડતાં હાલ તો પ્રેક્ષક બની નિહાળી રહ્યું છે.

# પાલનપુર પંથકમાં શંકાસ્પદ સ્વાઇન ફ્લૂનો કેસ મળી આવતા ચકચાર

પાલનપુર પંથકમાં શંકાસ્પદ સ્વાઈનફ્લૂનો કેસ મળી આવ્યો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હતો.

પાલનપુર તાલુકાના જસલેણી ગામની ૬૦ વર્ષીય વૃદ્ધાને શંકાસ્પદ સ્વાઇનફ્લૂ હોવાનું જણાવી પાલનપુરની ખાનગી હોસ્પિટલના તબીબે પાલનપુર સિવિલમાં મોકલ્યા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયા હોવાના અહેવાલ વચ્ચે ઉનાળાના પ્રારંભે સ્વાઈનફ્લૂએ દેખા દેતા ચકચાર મચી જવા પામી છે.

### જસલેણીની ૬ માસની બાળકીનું મોત

પાલનપુર તાલુકાના જસલેણી ગામની ૬ મહિનાની બાળકીને ન્યુમોનિયા થતા ખાનગી હોસ્પિટલમાંથી સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઇ હતી. જ્યાં સારવાર દરમિયાન બાળકીનું મોત નિપજ્યું હતું. પાલનપુર તાલુકાની જસલેણી ગામની ૬ માસની બાળકી કાવ્યા લાલાભાઈ ભીલને ન્યુમોનિયા થઇ ગયો હતો. જેને સારવાર અર્થે પાલનપુરના બાળરોગના નિષ્ણાંત તબીબની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી. જ્યાં તેની હાલત નાજુક જણાતા પાલનપુર સિવિલમાં ખસેડાઇ હતી. જ્યાં ગણતરીની મિનિટોમાં જ તેનું મોત નિપજ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# પાલનપુરની બેંક ઓફ ઈન્ડિયા સાથે રૂપિયા ૨.૮૬ કરોડની છેતરપીંડી



પાલનપુર, તા.૨૮

પાલનપુરની બેંક ઓફ ઈન્ડિયામાંથી ડીસાના કોલ્ડ સ્ટોરેજના બે માલિકોએ બટાકાના બિયારણના સંગ્રહ માટે લોન લીધી હતી. જોકે, તેમણે ખેડૂતો પાસેથી બટાકા મુકવાના ભાડાની ઉઘરાણી કરી લીધી છે. પરંતુ બેંકની લોનના રૂપિયા ૨.૮૬ ભરપાઇ ન કરી બેંક સાથે છેતરપીંડી કરી છે. આ અંગે બેંકના અધિકારીએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દેશમાં બેંકોમાંથી મોટી મોટી રકમની લોન તેમજ કરજ લઇ ભરપાઇ ન કરવામાં આવ્યું હોવાની હકિકત બહાર આવી રહી છે. તાજેતરમાં પંજાબ નેશનલ બેંક સાથે નિરવ મોદીએ કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યુ હતુ. આ ગોટાળાઓની તપાસ ચાલી રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર સ્થિત બેંક ઓફ ઈન્ડિયા સાથે પણ ડીસાના કોલ્ડસ્ટોરેજના બે સંચાલકો દ્વારા છેતરપીંડી આચરવામાં આવી હતી.

ડીસા તાલુકાના માલગઢના મનોજકુમાર રામચંદ્ર ગેહલોત અને ડીસા અનુપમ સોસાયટી ખાતે રહેતા જીતેન્દ્ર હિરાલાલ સોલંકીએ પાલનપુર ખાતે પાર્થ કોમ્પલેક્ષમાં આવેલી બેંક ઓફ ઈન્ડિયાની શાખામાંથી માલગઢ સ્થિત રિધ્ધિ -સિધ્ધિ કોલ્ડ સ્ટોરેજમાં બટાકાના બિયારણના સંગ્રહ માટે રૂપિયા ૨,૮૬,૦૦,૦૦૦ ની લોન લીધી હતી. જોકે, તેમણે ખેડૂતો પાસેથી બટાકા મુકવાના ભાડાની રકમ વસુલ્યા પછી પણ બેંકમાંથી લીધેલી લોનના રૂપિયા ૨,૮૬,૦૦,૦૦૦ ન ચૂકવી બેંક સાથે છેતરપીંડી આચરી હતી. આ અંગે બેંકના અધિકારી સાકેતકુમાર રવિન્દ્રનાથ સહાયે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગર કલેક્ટર કચેરી સામે દલિત પરિવારના ધરણાં

હિંમતનગર, તા. ૨૮

તલોદ તાલુકાના આંત્રોલીવાસ દોલજી ખાતે આવેલ એક દલિત પરીવારની કેટલીક જમીન વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગતને કારણે આ દલિત પરીવાર જમીન વિહોણો બની જતા તે અંગે છેલ્લા કેટલાક વર્ષોથી ન્યાય માટે ઝઝુમી રહ્યો છે. ત્યારે આ પરીવારે થોડા દિવસ અગાઉ જિલ્લા કલેકટરને લેખીત રજુઆત કરી ત્રણ દિવસ ધરણાં કર્યા બાદ જો ન્યાય નહિ મળે તો આત્મવિલોપન કરવાની ચીમકી આપી હતી. જેની મુદત બુધવારે પુર્ણ થઈ રહી હતી ત્યારેતે અગાઉ જ હિંમતનગર બીડીવીઝન પોલીસે ત્રણ જણની અટકાયત કરી લીધી હતી.

આ અંગે બીડીવીઝન પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જમીનના પ્રશ્ને તલોદ તાલુકાના અહેમદપુરા ગામના ચંદુભાઈ નાડીયા, જસુભાઈ ઉર્ફે અશ્વિનભાઈ રણછોડભાઈ નાડીયા તથા સંજયકુમાર આત્મારામ પરમાર ત્રણ દિવસ અગાઉ તેમણે ન્યાય માટે કરેલી રજુઆતમાં જણાવ્યા મુજબ ત્રણ દિવસ અગાઉ પરીવાર સાથે હિંમતનગર કલેક્ટર કચેરી આગળ ધરણાં પર બેઠા હતા. જેથી વહીવટીતંત્ર દ્વારા સતત ૨૪ કલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

દરમ્યાન ચંદુભાઈ નાડીયાએ આપેલી ધરણાંની ચીમકીની મુદત બુધવારે પુર્ણ થઈ રહી હોવાથી વહીવટીતંત્રએ અગમચેતી વાપરીને ત્રણ જણાની અટકાયત કરી લીધી હતી. ત્યારબાદ તેમને હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં રાખી દેવાયા હતા. જે અંગે સંજયભાઈએ વહીવટીતંત્ર સમક્ષ ચંદુભાઈ નાડીયાની ફરીયાદ દાખલ કરવાની માંગ કરી છે. પરંતુ ઉચ્ચ અધિકારીઓ તેનુ ગમે તે અર્થઘટન કરીને આ દલિત પરીવારને સંતોષ આપતા નથી તેવુ આક્ષેપ કરતા જણાવ્યુ હતુ.

# પાલનપુર સિવિલમાં પોઈઝનના ૨ કેસ : યુવતીનું મોત

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પોઇઝનના ૨ કેસ આવ્યા હતા. જેમાંથી ૧ યુવતીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૂળ ઉદેપુરની વતની અને હાલમાં પાલનપુર તાલુકાના વગદા ગામમાં ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતી ૨૦ વર્ષીય જશીબેન બુંબડીયાએ અગમ્ય કારણોસર વખ ઘોળ્યું હતું. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાઇ હતી. જ્યાં સારવાર દરમિયાન તેણીનું મોત નિપજ્યું હતું.


જ્યારે અન્ય એક ઘટનામાં દાંતા તાલુકાના ખુણીયા ગામના ૧૬ વર્ષીય યુવક મણાભાઇ બાબુભાઈ ચૌહાણએ પણ અગમ્ય કારણોસર ઝેર પી લેતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# પેન્ટરપુરાના પશુપાલકે ૧૧ વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી જીવન ટૂંકાવવાનો પ્રયાસ

## જિલ્લા કલેકટર અને ડી.એસ.પી દ્વારા આ કેસ મામલે સ્પેશિયલ ટીમની રચના કરી ન્યાયપૂર્વક તપાસ કરાવવામાં આવે : બાયડની સમર્થ કેપીટલ નામની ફાયનાન્સ પેઢીના માલીકો મની લોન્ડરિંગ કેસમાં ભીનુ સુકાવવા માટે રૂપીયાના જોરે પ્રયાસો હાથ ધર્યો

મોડાસા, તા. ૨૮

બાયડ તાલુકાના પેન્ટરપુરા ગામના ખેડૂત અને પશુપાલક



રાજેન્દ્ર પટેલને ૧૧ જેટલા વ્યાજખોરો દ્વારા અસહ્ય માનસીક ત્રાસ આપતાં તા. ૨૫-૨-૨૦૧૮ને રવીવારના સાંજે ખેતરમાં જઈ કપાસમાં છાંટવાની દવા પી જઈ તેમને તેમના ભાઈ સુનીલને ફોન કરી વ્યાજખોરોના ત્રાસથી હું દુનિયા છોડીને જવું છું. તેમ કહેતા સુનીલ તથા પેન્ટરપુરા ગામના ગ્રામજનોએ રાજેન્દ્રભાઈની શોધખોળ કરતાં તે મકાઈવાળા ખેતરમાં દવા પીધેલી હાલતમાં મળ્યા હતાં.

ત્યારબાદ તેમને તાત્કાલીક વાત્રક હોસ્પીટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. બાયડ પોલીસમથકે તા.૨૭ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ ૧૧ વ્યાજખોરો વિરુદ્ધ મની લોન્ડરીંગ કેસનો ગુનો દાખલ થતાં વ્યાજખોરો ભૂગર્ભમાં ઉતરી પડ્યા હતાં. ૧૧ વ્યાજખોરોમાંથી સમર્થ ફાયનાન્સ પેઢીના ત્રણ ભાગીદાર એવા (૧) કેતુલ પટેલ (અલવા કંપા) (૨)અમિત પટેલ (૩) પ્રદીપ પટેલ, આ ત્રણ ભાગીદારોએ મળી સમર્થ કેપિટલ નામની ફાયનાન્સ પેઢી ચોઈલા રોડ પર છેલ્લા કેટલાય વર્ષોથી શરુ કરી છે. પશુપાલક તેમજ ખેડૂત રાજેન્દ્રભાઈ એ સ્યુંસાઈડ નોટમાં લખ્યું હતું કે સમર્થ કેપિટલના ત્રણ ભાગીદારોએ મને ૩૦ લાખ રૂપિયા ૧૫ % ના વ્યાજે આપ્યા હતા જે રકમ વ્યાજ સાથે ચૂકતે કરે છે તેમ છતાં થોડા સમય પછી ૯૦ લાખ રૂપિયા તમારા બાકી





રહે છે તેમ કહી મારી જોડે ખોટી રીતે ઉઘરાણી કરતા હતા અને માનસિક હેરાન કરતા હતા. તેથી વ્યાજખોરોના ત્રાસથી રાજેન્દ્રભાઈ એ કપાસમાં છાંટવાની દવા ગટગટાવતા જતા તેમને તેમના પરિવારજનો અને ગ્રામજનોએ તાત્કાલિક વાત્રક હોસ્પિટલ ખાતે લઈ જઈ તેમની સારવાર કરાવવા માટે લઈ જવામાં આવ્યા હતા.



### સમર્થ કેપીટલના ત્રણ ભાગીદારોને ગાંધીનગરમાં ૫૦ લાખ કરતા વધુની કિમંતનો ફ્લેટ

હાલ બાયડ નગરમાં આ વ્યાજખોરોનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. લોકમુખે એવી પણ ચર્ચા થઈ રહી છે કે થોડો વર્ષો અગાઉ કપડવંજથી બાયડમાં આવી સિમેન્ટ અને લોખંડનો વ્યવસાય કરનાર માણસ અમિત પટેલ વ્રજગાર્ડન સોસાયટીમાં અમીત પટેલનો ૬૦ લાખ કિમંતનો બંગલો, બિલ્ડર જોડેથી હડફ કરેલ ૧ કરોડની કિમંતનો બંગલો પ્રદિપ પટેલ તે મકાનમાં રહે છે. કેતુલ પટેલનો બંગલો વિવેકાનંદ સોસાયટીમાં ૩૦ લાખ રૂપીયાની કિમંતનો અને આ ત્રણેય ફાઈનાન્સરોએ પોતાના વતનમાં પણ મોટા મોટા બંગલા બાંધી દિધ્યા છે. એક સમયે આ ત્રણેય ફાઈનાન્સરો જોડે થનથન ગોપાલ હતું અને આજે પઠાણી વ્યાજ ખોરી કરી ત્રણેય ફાઈનાન્સરો જોડે ૧૦ કરોડ કરતાં વધુની મિલ્કત કેવી રીતે આવી ? આ મામલે ઈન્કમટેક્ષ વિભાગ તપાસ કરશે કે નહી તે જોવું રહ્યું !

### શું આ બાબતે ઇન્કમટેક્સ વિભાગ અને ઇડી તપાસ કરશે કે પછી ?

રાતોરાત મૂળચંદ બની બેઠેલ આ ફાઇનસરો દ્વારા નોટબંધી વખતે પણ કરોડો રૂપિયાનું કાળું નાણું વ્હાઇટ કરી અને સરકાર અને ઈન્કમટેક્સ વિભાગ તેમજ ઈડીની આંખોમાં પણ ધૂળ નાખીને સરકારી તિજોરીને મોટું નુકસાન પહોચાડ્યું હોવાનું પણ બાયડ નગરમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

### બાયડ તાલુકામાં અન્ય કોઈ ઈસમ પણ વ્યાજખોરોના ત્રાસનો ભોગ બન્યો હોય તો પોલીસનો સંપર્ક કરે : મહાવીરસિંહ સોલંકી

ફાઈનસરો વિરુદ્ધ પોલીસ ફરિયાદ થતાની સાથે જ હાલ ભૂગર્ભમાં ઉતરી ગયા છે ત્યારે આ બાબતે બાયડના પીએસઆઈ મહાવીર સોલંકીએ જણાવ્યું હતું કે એક પણ ફાઈનન્સરને છોડવામાં આવશે નહીં તમામ સામે કાયદેસરની કાર્યવાહી કરી આગામી સમયમાં લોકોમાં એક દાખલો બેસે એ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે તેમજ બાયડ શહેરમાં ચાલતી તમામ ફાઈનાન્સ પેઢીમાં તપાસ હાથ ધરવામાં આવશે. જો બાયડ તાલુકામાં અન્ય કોઈ ઈસમ પણ આ રીતે ફાઈનાન્સરોના ત્રાસ થઈ હેરાન હોય તો પોલીસનો સંપર્ક કરી શકે છે.

### સામાન્ય જીઇબીનો કોન્ટ્રાક્ટર રાતોરાત કઇ રીતે કરોડપતિ થઈ ગયો

જિલ્લામાં વ્યાજખોરોના ત્રાસના કારણે કેટલાય લોકો બરબાદ થઈ ગયા છે. લોકમુખે એવી પણ ચર્ચા થઈ રહી છે કે બાયડના રેલવે સ્ટેશન નજીક સમર્થ કેપિટલ ફાઈનાન્સ પેઢીના ૩ ભાગીદારો પૈકી પ્રદીપ પટેલ સામાન્ય જીઇબી કોન્ટ્રાક્ટરનો છે તો પછી તે રાતો રાત કઈ રીતે મોટો ફાઈનાન્સર બની ગયો. કઈ રીતે કોલ્ડસ્ટોરેજનો મલિક બની ગયો તે બાયડ શહેરમાં હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

### સમર્થ કેપીટલ ફાઈનાન્સ પેઢીના ત્રણ માલીકો સહીત અન્ય પઠાણી વ્યાજખોરો ભૂગર્ભમાં ઉતરી ગયા

સમર્થ કેપીટલ પેઢીના ફાઈનાન્સરોની પઠાણી ઉગરાણી અને માનસીક ત્રાસના લીધે અગાઉ ૫ કરતાં વધુ વેપારીઓ ગામ છોડીને પલાયન થઈ ગયા હતાં અને હજુ પણ તંત્ર આ ત્રણ ફાઈનાન્સરો પર કડક પગલાં નહી ભરે તો બીજા કેટલાયે વેપારીઓ આત્મહત્યાનો રસ્તો આપનાવશે કે ગામ છોડી પલાયન થઈ જશે.